મુંબાઇની શેઠાણી—



ભાગ.-બીજો.

મુંબાઈની શેઠાણી—

યાને

સુધરેલી સુંદરી.

ભાગ—બીજો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર જહુલાલ નારણદાસ ચોકસી.

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે.

મુ. નડીઆદ.

લેખક-શ્રીયુત ભાવરીઆ

આવૃત્તી ૨ જી. પ્રત ચાર હજાર

સંવત ૧૯૭૨. કીંમત [illegible] આને.

સુધરેલી શેઠાણી.

હું અલબેલી ફેશન ઘેલી. નાજુક નવેલી નાર.

કેવી રૂમઝુમ રૂમઝુમ ચાલુ, કર અંબ્રેલા હું ઝાલું,
વળી આંખે ચશ્માં ઘાલુ જોઇએ ન્હા કોઇનું પ્યાલું-
બીસ્કીટ હું ન્હાનાર—હું અલબેલી०

પોલકું પહેરૂં પચરંગી, ખીલી વેલી નવરંગી,
જોબનીયું છે અનંગી અંતરમાં ઉમંગી;—
શોભાવું શણગાર—હું અલબેલી०

હું નાજુક નાર છું નાની, બની મુંબઇની શેઠાણી,
જતી સીનેમા સહેલાણી, કરતા ગુસ્સો દીલજાની —
પણ કોણ કરે દરકાર—હું અલબેલી०

પણ પાજી પતી છે મ્હારો, નહી ફેશનને ન્હાનારો;
પઇસાને સાચવનારો નહી મોજ શોખ કરનારો-
હું ગણુતી એને ગમાર-હું અલબેલી०

જાતી ચોપાટી રસ્તે, હું મદ જોબનમાં મસ્તે,
જુવાની જબર જસ્તે, મુખ મલક મલકતી હસ્તે
કરતી સ્હેલ અપાર-હું અલબેલી०

(રાગ - ગઝલ)

(અનુસંધાન ભાગ ૧ લાના પૃષ્ઠ આઠથી)

શેઠાણી-

પથારી નાથ ત્યાગોને થયું પ્રભાત જાગોને,
જવેરી ઘેર જાઓને હીરાનો હાર લાવોને.
વહેલા ઘેર આવોને બંગડી બે અપાવોને,
પીઓ પછી ચાહ આવીને મ્હારૂં મન મનાવીને.

શેઠ-

ધરોને ધૈર્ય ઓ નારી બન્યો હું આજ આજારી,
થયો ઠાંસો મુને ભારી સળેખમ તાવની વારી.
બોલાવા વઇદને જાવો દવા સારી તમે લાવો,
થયો છે ચુંકને ઝાડો ચુંથાયે જીવ આ મારો.

શેઠાણી-

ઠગારા ઓ પતિ મ્હારા તજો આ ઢોંગ ધુતારા.
રસોઇ હું કરૂં કયારે મુંને દો દાગીના ત્યારે.

લેખક-

સુતાં રીસાઇને શાણી કયું ના કાંઇ રે ખાવા,
ગયો ભુખ્યો અરે હારી બિચારો નોકરી કરવા.
ઘીમાં પુરી તળી છાની જમીને ઝટ શેઠાણી
ગયાં ચૌટા મહી ફરવા ખરીદી કંઇ નવી કરવા.
આવી છે લોઇવાડામાં રહેતા બંગડીવાળા,
દીપાવે એશ દુકાનો સાડીને પોલકાંવાળા.

બંગડીનો વહેપારી—

પધારો બાઇ પધારોને દુકાનો આ તમારી છે,
જુઓ આ ફેનસી ચુડી શશી સમ શોભતી રૂડી.
આજે ચીન દેશથી આવી દેશે તમ હસ્ત દીપાવી,
દીસો પણ કેમ ઉદાસી વસી શું પીડ અંતરમાં.

શેઠાણી—

ન છાની વાત હું કે'તી મુંઝાઇ મનમાં રે'તી;
મને લોભી મળ્યો સ્વામી પડી મમ જોડમાં ખાંમી.
પતી મારો ઘણો મુંજી ધરાવે લાખની પુંજી
પરંતુ લોભીને પાજી સુધારે નહી જરા રાજી.
નથી પઇસા કંઇ લાવી ઉતાવળમાં અહીં આવી;
ઉધારે બંગડી લેવી કહો શું આપશો કે ના.

બંગડીનો વહેપારી—

નથી પઇસા તણી ફીકર તજો ફીયર તમે ડીયર;
ગમે તો આપજો પઇસા તમારા ક્યાં જવાના છે.
કહોને આપું હું કેવી-

શેઠાણી—

ચળકતી ચાંદની જેવી.
ન દીઠી કોઇએ તેવી વખાણે સાહેલી એવી;

બંગડીનો વહેપારી—

પધારો પ્રેમી રૂપાળાં ધરો કર સ્નેહી મરમાળા;
શરમ છોડો તમે શાણાં વિષે મમ ગાત્ર અણુસાણ.

શેઠાણી—

પહેરાવો બંગડી એવી, નવીના હાથ શોભે,
દરદ જો હાથમાં થાયે, મુખેથી ગાળ બોલાયે.

બંગડીના વહેપારી—

ન ગભરાઓ તમે ગોરી, રસીલી આંધી આવોને,

શેઠાણી—

નહી મુજ હાથને મરડો, થયો જો લાલ ઉઝરડો;
ચઢાવોને ધીમા ધીમા, સુંવાળા હાથ કરો ધીમાં.

બંગડીનો વહેપારી—

ન મુંઝાશો તમે મનમાં, પહેરાવી દઉં હવે ક્ષણમાં,
મુંગાં બેસી તમે રે'જો, પડે દુઃખ તો મુને કહેજો.

શેઠાણી—

ગયા મુજ હાથ આ સુજી, પ્રભાતે પહેરીશું બીજી.

બંગડીનો વહેપારી—

મધુરાં બોલી મનહારી, ચતુરા ચીત્ત હરનારી,
બજાવી જાદુની બંસી, લગાવી મોહની ફાંસી;
ફસાવ્યો મોહ પાસેથી, વીંધાયો નેત્ર બાણેથી.

શેઠાણી—

અહા ! દીલહર ચુડીવાળા, દીસો છો નાર ઠગનારા;
વળી મમ આંખના તારા, ઠગો છો હાર હઇઆના.

બંગડીનો વહેપારી—

તમારૂં નામ બતલાવો, બતાવો ઠામ પણ રૂડું;
અમે ત્યાં આવીશું નીત્યે, સુવાની હુંટીશું પ્રીતે.

શેઠાણી—

રહેતા ગામડે પીતા પીયરમાં વીજળી કહેતા,
અહીં મુંબઇ વીષે આવી દીધું મુજ નામ દીપાવી,
બની ગઇ રાયની રાણી ધરાવું નામ શેઠાણી.

બંગડીનો વહેપારી—

ઝબુકે વીજળી જેવી દીસો સૌન્દર્યની દેવી,
ભમાવોના સતાવોના કહો વીચાર અંતરના;
કટોરી પ્રેમની ભરીશું સુખેથી રહેલમાં રહીશું,
ઉભયનો સ્નેહ સંધાયો રસીલી દ.સ કહેવાયો.

શેઠાણી—

તમે કરી જાદુનું જંતર કરી વશ મોહની મંતર,
અરે પ્યારા અહો પ્યારા તમે મમ આંખના તારા,
વીનંતી હું કરૂં છાની પધારો સાંજના આજે;
રમીશું પ્રેમથી રંગે રહીશું રાતના સંગે.

બંગડીનો વહેપારી—

પતી તારો હશે ઘરમાં વીચારો કાંઇ અંતરમાં.

શેઠાણી–

જમીને સાત વાગે એ સુવા દુકાન પર જાયે,
ચરીત્રો જોઇ નારીનાં અરે દુનીયા બધી હારી.
સતી થાતી પતી પાસે રમે સોથી ભલે જારી;
જમીશું ભોજનો સંગે રમીશું રાતના રંગે.

બંગડીનો વહેપારી–

ગલીનું નામ બતલાવો સે'લો ઉપાય સમજાવો.

શેઠાણી–

ચતુરાની કહે ચાલી સીનેમા પાસ એ આવી;
પછાડી એક છે બારી પીયુ ત્યાં આવજો સાતે.

લેખક–

કહી શેઠાણી સીધાવી બનાવી બત્રીસી વાની;
શીરો પુરી અને ભજીઆં મધુરાં રાયતાં કરીઆં.
કચોરી કાચલી ભાજી વધારી મોગરી તાજી;
કઢી દહીં ભાગીને કીધી છુપાવી ત્યાં પછી દીધી.
સમી સાંજે પતી આવ્યો જમણમાં રોટલો આલ્યો;
થયો જ્યાં વાયદો પુરો આવ્યો છે ઇશ્કી શુરો;
જમીને શેઠજી આવ્યા કરે વીચાર જાવાનો,
છુપાતો તો ચુડીવાળો જોયો મોટી મુછોવાળો.

શેઠ–

બલ્યા ક્યાંથી અહીં આવ્યો કહે શું ચોરવા આવ્યો.

બંગડીનો વહેપારી

કહું છું હું કહું ભઇસાબ નથી ગુનો કરોને માફ,
જવું તું મિત્ર ઘર મારે ભુલી આવ્યો છું આ બારે

શેઠ-

વદે નહિ તું કદી સાચું સીપાઇને જઇ સોંપુ.

બંગડીનો વહેપારી-

અહીં ઉઘરાણી હું આવ્યો ચુડી આ સાથમાં લાવ્યો.

શેઠ-

અરે નારી અહીં આવો ચુડીનો ભેદ સમજાવો.

લેખક-

સુણી શેઠાણી ગભરાયાં ચુડી સીડીને પછડાયાં,
ગઇ છે બંગડી તુટી મુડી તો એટલી ખુટી,
કરીને ગુપ્ત ઇશારો સમજાવ્યો ચુડીવાળો.

શેઠાણી-

નથી એ બંગડી મારી દીસે જે સામી છે બારી,
રહે છે સાહેલી મારી ચુડી મંગાવવા વાળી.

લેખક-

ગયો આવ્યો હતો તેવો બન્યો બેહાલ એ કેવો,
છુપાતી કુતરી આવી કરડવાને પગે ફાવી,
ચુડીવાળો તો ગભરાયો ચુડી જ્યાં હોટ પછડાયો.

સીપાઇએ ચોર સમજીને લગાવ્યો દંડુકો જઇને,
કરી પરહેજ જંજીરે પુર્યો જઇ કેદખાનામાં.

કરી પરનારીથી યારી ગુમાવી આબરૂ સારી,
કર્યો ઇનસાફ કીરતારે કીધો છે કેદ સરકારે.

રૂપીયા દંડમાં લીધા ખુરા બહુ હાલ તો કીધા,
પુના જેલે ચુડીવાળો ગયો છે ટીંચવા ચુનો.

પરનારી તણો પ્રેમી વીના અગ્નિ અરે બળતો,
દીસે છે શ્વાનના જેવો સુખે કો દી નહી ઠરતો.

સતિ નારી સીતા જેવી તમે જો અંતરે ઇચ્છો,
બનીને રામના જેવા સદા સદ્‌ગુણને ચાહો.

વિષયના વિષના કીડા ભલે ! દીસે કદી રૂડા,
તમારૂં હીત હરનારા ગણો ભોરીંગથી ભુંડા.

વીતેલી વાત રહી બાકી જુવો એ ભાગ ત્રીજામાં
વીનંતી આટલી માનો અરે આ ભાઇને બ્હેનો,
મણીમય સુખ ઇચ્છો તો ફસાસો ના કુસંગે કો.

શેઠનો સંતાપ

(રાગ-રાજીઆનો)

હાય, હાયરે હાર્યો હું શંખણી નારથી.

કહું આને હું નાગણુ કે નારી,
બની ફેશનમાં મસ્ત રહેનારી,
સુધરેલી મીટીંગે જનારી રે; હાય ! હાયરે૦ ૧

કદી નામ પ્રભુનું ના લેતી,
માત મ્હારીને ગાળો એ દેતી,
કરે મારી એ નીત ફજેતી રે; હાય ! હાયરે૦ ૨

નવી નવી સાડીઓ નીત માગે,
કામ કરતાં હાથમાં લાહ્ય લાગે,
મળે કુંભારજા પાપ જાગે રે; હાય ! હાયરે૦ ૩

કહે મોટર એક લઇ આવો,
સીનેમાની ટીકીટ લેવાજાવો,
હુકમ મારો જલ્દી બજાવોરે; હાય ! હાયરે૦ ૪

નહી દાસી હું કાંઇ તમારી,
ઘર કામ તણી કરનારી,
જુવો ઉરમાં જરા વીચારી રે; હાય ! હાયરે૦ ૫

ચહા ઇરાની હોટલનો પીતી,

નહિ ન્યાત કે ધર્મથી બીતી,
મને મૂર્ખ ગામડીઓ કે'તીરે; હાય ! હાયરે૦ ૬

નથી નયણે શરમનો છાંટો,
રાખે મડમ જેવો બહુ ફાંકો,
કહો દિવસ કેટલો વાંકો રે; હાય ! હાયરે૦ ૭

દઉં શીખ સારી કોઇ વેળા,
પાડી ઘાંટા કરે લોક ભેળા,
રડી લડી કરે ઓશીયાળા રે; હાય ! હાયરે૦ ૮

થાયે નાટક જોવાને બહુ ઘેલી,
જઇ બેસે ત્યાં સહુની પે'લી,
કહું સુધરી કે છટકેલી રે; હાય ! હાયરે૦ ૯

નહિ સમજાવી સમજે તે સાને,
નહિ વાત ધરે કોઇ કાને,
માત મ્હારીનું કહ્યું ન માને રે; હાય ! હાયરે૦ ૧૦

ઘર મારૂં સુધારામાં ઘાલ્યું,
તીજોરીનું તળીયું જણાયું,
આવી ફેશનને દેવાળું આવ્યું રે; હાય ! હાયરે૦ ૧૧

કરે ભાષણ મીટીંગમાં મોટાં,
કહે ભારત ભાગવત ખોટાં,
એતો આનાં બધાં સો જુઠાં રે; હાય ! હાયરે૦ ૧૨

૧૦૫૦૯

દંત-મંજન વતી સાફ થાયે,
બુટ પેંરીને ટેબલ પર ખાયે,
વર્ણાવર્ણના ભેદ ભુલી જાયે રે, હાય ! હાયરે૦ ૧૩

કહું મારા દુઃખની શી કહાણી,
લેજો ટુંકમાંહે સહુ જાણી,
કરી ઇજ્જત સહુ ધુળધાણી રે; હાય ! હાયરે૦ ૧૪

જગપતીને પાય હું લાગુ,
જોડી હાથ આશીષ એ માગું,
દીયો સુમતી નાશ એ માગું રે; ....
આજ કુધારા હિન્દના કાપજો. ૧૫

જાહેર ચેતવણી

આથી સર્વે બુકો છાપનારાઓ અને છપાવનારાઓને જાહેર સુચના આપવામાં આવે છે કેઃ-

આ બુકમાં પૃષ્ટ ૧ થી ૧૧ સુધી તેના લેખક શ્રીયુત માતરીયાને યોગ્ય બદલો આપી રચાવવામાં આવી છે. માટે તેનો સર્વ હક્ક નડીઆદના બુકસેલર જહુલાલ નારણદાસને હોવાથી કોઇએ તેમની પરવાનગી સીવાય છાપવી અથવા છપાવવી નહી. જે કોઇ કાયદાનો ભંગ કરશે તેના ઉપર યોગ્ય ઇલાજ લેવામાં આવશે. એમ નક્કી સમજવું.

શેઠાણીની કથની

(રાગ—ગઝલ)

મને મુરખો મળ્યો સ્વામી પડી છે સુખમાં ખામી;
અરે હું આપતી પામી કહું શું આપદા બ્હેની. —૧

કરે નહી ચાકરી ધંધો મુરખ થઇને ફરે અંધો;
કરે છે અવનવા ફંદો કહું શું આપદા બ્હેની —૨

પુરૂષો અન્ય જ્યાં રમતા અરે મુજ સ્વામી આથડતા;
બળે છે ચીત્તમાં ભડકા કહું શું આપદા બ્હેની. —૩

કમાવા રીત ના જાણે કહી મુજ વાત ના માને;
ફરતુ નામ પર પાણી કહું શું આપદા બ્હેની. —૪

પીતાના દામ સહુ ખાધા કમાવા પર લીધી બાધા;
કરજનાં હા ! કીધાં કાંધાં કહું શું આપદા બ્હેની. —૫

ઉધારે અન્ન એ લાવે લેવા સૌ દામ તો આવે;
નહી દે દામ તે વારે કહું શું આપદા બ્હેની. —૬

કરી તકરાર વદે ભુંડું પડે પળવારમાં કુંડું;
જુવે ના આંખથી રૂડું કહું શું આપદા બ્હેની. —૭

અરે અંતર પીડા રહેતુ ઉધારે કો નથી દેતું;
આવે જમીન સહુ લેતું કહું શું આપદા બ્હેની. —૮

કૃપાળી આબરૂ દેખી, અરે અફસ લીધો પેખી;
દુઃખે હું તન રહી શેકી, કહું શું આપદા બ્હેની.-૧૦
સજ્જન તહેવારને ટાંગે, જમી આનંદ સહ માણે;
મુખે એકાદશી જાણે, કહું શું આપદા બ્હેની. -૧૧
સ્નેહીઓ શોધવા આવે, પતીને તે નહી ભાવે;
દિવસ દુઃખ માંહી વીતાવે, કહું શું આપદા બ્હેની.-૧૨
પીતુ માતા ચ ડે મળવા, તો સ્વામી લાગે બડબડવા;
લાગે હા હીત વચન કડવાં, કહું શું આપદા બ્હેની.-૧૩
પીયરનાં લુગડાં લાવું, કદી જમવા સજી જાઉં;
તરત મેણાં અરે ખાવું, કહું શું આપદા બ્હેની. -૧૪
બન્યાં મુંબઇની શેઠાણી, વદે નીષ્ઠુર એ વાણી;
કહું ક્યાં માહરી કહાણી, કહું શું આપદા બ્હેની.-૧૫
ગુજારી જીંદગી મારી, બળાપો હું કરૂં ભારી;
દીયો કંઇ દાદ નરનારી કહું શું આપદા બ્હેની. -૧૬
સદા ચીંતા તણા પાપે, અરે યૌવન દુભાયે છે;
અરે ! આવો પતિ દેખી, હૃદય મમ આ ચીરાયેછે.-૧૭

(સ્નેહમંજરીમાંથી થોડા ફેરફાર સાથે)

ફેશનની ફજેતી *

રાગ–સવઇઆ

અલબેલી મુંબઇ નગરીમાં શોખીન પુરૂષો બહુજ વસે;
ગાલ તમાચો મારી રાખતા લાલ થઇને જ ફસે.

પગાર મળતો પચીસનો ને સુધરેલામાં પંકાવું;
દોસ્તદારની સાથે ફરતાં પઇસા ખરચી વખણાવું.

દેશ વીષે કંગાલ સ્થિતી ને ઉદર તણાં ફાંફાં પડતાં;
કમાઇ કરવા કારણ દીકરો માત પીતા આહીં મોકલતાં.

ભણ્યા ગણ્યા કંઇ ઝાઝુ નહી તે ટુંક પગારે પ્રશન થયા;
મુંબઇ નગરે મઝા માણવા તરંગ દીલમાં બહુ કર્યાં.

દશ મળતાં દશમાં નીભાવ્યું પંદરમાં પંદર પુરા;
પચીસ મળતાં પાઇ બચે નહી તો યે શોખ રહે અધુરા.

બે રૂપીઆનું કપડુ લીધું સીવડાવતાં મનમાં બીધા;
અપ–ટુ–ડેટ શીવવાનું ખાતુ અઢી રૂપીઆ ત્યાં લીધા.

એ અનુસારે કપડાં કરતાં પઇસાની ખુવારી કીધી;
ત્યાર પછી ધોબીની એણે મુલાકાત જલ્દી લીધી.

એક આનામાં સાહુ ધોશે મુજને તે તો નહી ફાવે;
વોરીંગ કંપની ખોજ કરે છે ચકચકાટ અતીશે આવે.

હજામની પણ વધી કમાણી નવિન તરેહના કેસ કટે;
તેલ લગાવી ચોળ અલ્યા મુજ માથા કેરૂં દર્દ મટે.

માત પિતાને વધાર કાજે તેલ જરાએ ના મળતું;
બેટા બાલમાં ઓઇલ નાંખે શીર તેલે થાતુ ગળતું.

મુંઝાયા ત્યારે મુંબાઇ આવ્યા મુંબાઇમાં નહિરે લેણું;
કમાણી તો ઉંધી ગઇ પણ સ્હામું થયું છે બહુ દેણું.

પગાર કરતાં ખર્ચ વધ્યો ને કરજ વિષે પછી સપડાયો;
તેમાંથી બચવાને આખર ચોરી કરવા વિચાર કર્યો.

શેઠ તણી ઉઘરાણી કરતાં ભાગી જવાનું નક્કી થયું;
એક દીવસ બહુ રૂપીઆ આવ્યા લઇ જવા દીલ લલચાયું.

નોટ ભરી ખીસ્સામાં એણે સ્ટેશન પર સીધોજ ગયો;
દુર દેશની ટીકીટ કઢાવી પોલીસને સંદેહ થયો.

સરસામાન કંઇ પાસ નહિ ને કયાંથી નાસી આવ્યો છે;
બતાવ તારા શેઠને જલ્દી રૂપીઆ કયાંથી લાવ્યો છે.

પકડાતાં ચોરીનો મુદ્દો માજીસ્ટ્રેટે સજા કરી;
પંદર ફટકા બાંધી માર્યા છોડી મુકયો દયા ધરી.

મુંબઇ નગરે મઝા માણતાં ઇજ્જત વિનાનો થઇ બેઠો;
પુનઃ દેશને માર્ગ ગયો તે ગોપાળે નજરે દીઠો.

(ગોપાળતરંગ) (લેખક-ગોપાળજી હરીભાઇ દેસાઇ.) *

નવા યુગનું નવું શાસ્ત્ર

(૧)

સુધરી જવાનાં સાધનોમાં મુખ્ય વસ્તુ આટલી;
ઘડીઆળ ચસ્મા બુટ કર છત્રી છડી કે બાટલી.
ઉત્તમ ગણાતા એજ કેળવણી તણાં ફળ થાય છે;
શીવ! શીવ ! અરે કોને ખબર પરદેશમાં શું જાયછે.

(૨)

અહાહા ! બ્રાન્ડીને બીડી ગણાયે સ્વર્ગની સીડી;
પીયે ના તે ગમારો છે અમારાં શાસ્ત્ર ન્યારાં છે.
પીતા માતા તણે તાબે રહેવું એ કહ્યું કોણે;
પ્રિયાનો પ્રેમ પ્યારો છે અમારાં શાસ્ત્ર ન્યારાં છે.

(૩)

વધ્યાં હાંલ્લાં ખાલી ઘરમાં ભપકો રાખે બહુ ભારી
કોલર પીન નેકટાઇ ખરીદી પઇસાની કીધી ખ્વારી
રોઝબરી જીંજર પીકમીઅપ વીના ઘડીએ નહી ચાલે
સીગારેટના ધુમાડા કાઢે જીવતાં મુખ જાણે બાળે

ઉમરેઠ ભટવાડી પોળને નાકે આવેલા સરસ્વતી પ્રીં. પ્રેસમાં
રતીલાલ બાળકૃષ્ણ ત્રીવેદીએ છાપી અને બુકસેલર
જદુલાલ નારણદાસે નડીઆદમાંથી પ્રસિદ્ધ કરી.

સસ્તી કીમતમાં ઉત્તમ વાંચન તઈયાર છે.

સ્વદેશ રાજ્ય	... ...	રૂ.	૦-૧-૦
અમરકુમાર લીલા	... ...	રૂ.	૦-૧-૦
[illegible] મરણ ચંદ્ર અને સ્વરાજ્ય ગર્જના	... ...	રૂ.	૦-૧-૦
અમરકુમાર ગીતા (છપાય છે)	...	રૂ.	૦-૧-૦
મુંબાઈની શેઠાણી ભાગ ૧-૨	...	રૂ.	૦-૨-૦
શેઠ મરચની સાહેલી-અને નવ વરસનો પતિ (ભાગ-૧ થી ૬)	...	રૂ.	૦-૪-૬
ચાંદદેવીની ચતરાઈ-અને જમાનાનો જુલમ		રૂ.	૦-૧-૦
સત્યવાન સાવીત્રી અને જગમ જોડલાંને [illegible]	... ...	રૂ.	૦-૧-૦
કળિનો કેર અને જમાનાનો ફારફેર	...	રૂ.	૦-૧-૦
ભયંકર ભુજંગ અને લીલાવતીનું જાહેર લીલામ (છપાય છે)	...	રૂ.	૦-૧-૦

એ લીલામ તમામ અમારાં પુસ્તકો હમારી પાસેથી મળી શકશે.

હમારે ત્યાં દરેક પુસ્તકોના વેપારી ભાવ મેળવવા અને [illegible] ઉપર [illegible] પાસ ઓફીસ મારફત રૂ. ૨૦૦ ની નકલ મંગાવી [illegible] છે.

પુસ્તકવેચનાર [illegible] નાગરદાસ-ઠે. અમદાવાદ.